વિશ્વ આદિવાસી દિવસના પવિત્ર ઉત્સવને રાજકીય રંગ ન આપવા AAPની અપીલ

દાહોદમાં વિશ્વ આદિવાસી રેલી પર AAP-ભાજપ વચ્ચે રાજકારણ

રાજકીય કાવતરાને આદિવાસી સમાજ અને જનતા સારી રીતે ઓળખે છે

(પ્રતિનિધી) દાહોદ, તા.10 દાહોદમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દરમિયાન નીકળેલી રેલીને લઈને રાજકીય વિવાદ સર્જાયો છે. આ રેલીમાં ધારાસભ્ય ચૈતર વસાવાના પોસ્ટરો પ્રદર્શિત કરાતા આમ આદમી પાર્ટી (AAP) અને ભારતીય જનતા પાર્ટી (BJP) સામસામે આવી ગયા છે. AAPના દાહોદ જિલ્લા પ્રમુખ રાકેશ બારીઆએ ભાજપ પર પક્ષને બદનામ કરવાનું કાવતરું રચવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

9 ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે દાહોદ જિલ્લામાં આદિવાસી સમાજ દ્વારા એક મોટી રેલીનું આયોજન થયું હતું. આ સમયે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવા જેલમાં હોવાથી લોકોમાં નારાજગી જોવા મળી હતી. રેલી દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ ચૈતર વસાવાના સમર્થનમાં પોસ્ટરો અને બેનરો પ્રદર્શિત કર્યા હતા.આ ઘટનાક્રમ બાદ રાજકીય ગરમાવો આવ્યો હતો. ભાજપના નેતાઓએ પોલીસને માધ્યમ બનાવીને મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતું કે રેલીમાં ચૈતર વસાવાના બેનરો લઈને આવેલા લોકો આમ આદમી પાર્ટીના કાર્યકરો હતા.આ આક્ષેપોને સદંતર ફગાવતા રાકેશ બારીઆએ સ્પષ્ટતા કરી હતી કે આમ આદમી પાર્ટીના કોઈપણ કાર્યકર કે સમર્થક સત્તાવાર રીતે રેલીમાં પોસ્ટરો લઈને ગયા ન હતા. તેમણે જણાવ્યું કે ચૈતર વસાવા આમ આદમી પાર્ટીમાં જોડાયા તે પહેલાંથી જ આદિવાસી સમાજનું સંગઠન ઊભું કરી ચૂક્યા છે

અને દાહોદ જિલ્લામાં તેમના સમર્થકો કોઈપણ ચોક્કસ પક્ષની સીમાઓથી પર છે. ચૈતર વસાવા પ્રત્યે સ્નેહ અને આદર ધરાવતા સમાજના આમ જનતાના લોકો જ સ્વેચ્છાએ તેમના પોસ્ટરો લઈને રેલીમાં જોડાયા હતા.રાકેશ બારીઆએ ઉમેર્યું કે રેલીમાં સમર્થકોની ઉપસ્થિતિ જોઈને ભાજપના નેતાઓની ચિંતા વધી ગઈ હતી. પોલીસ પાસે આ સમગ્ર ઘટનાના વિડિયો પુરાવા પણ ઉપલબ્ધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આદિવાસી સમાજ દ્વારા વર્ષોથી પરંપરાગત રેલીઓ કાઢવામાં આવે છે, પરંતુ હાલના સંજોગોમાં રાજકીય હેતુસર આમ આદમી પાર્ટીનું નામ જાણી જોઈને બદનામ કરવામાં આવી રહ્યું છે, જે અત્યંત નિંદનીય છે તેવુ પણ લોકોમાં ચર્ચાઇ રહ્યુ છે.

કાલોલની શ્રી સરસ્વતી વિદ્યામંદિરમાં 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ' ઉજવાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.20 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ (આઈ.સી.ડી.એસ.) તથા શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ બાળક - મજબૂત ભારત' ની વિભાવના સાથે સોમવાર ના રોજ 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ' (NDD) અંતર્ગત શ્રી સરસ્વતી વિદ્યામંદિર, કાલોલ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું."એક નિશ્ચિત દિવસ - એક સુરક્ષિત ભવિષ્ય" ના નારા સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓને કૃમિ મુક્ત બનાવી સ્વસ્થ, પોષિત અને શિક્ષિત કરવાના ઉદ્દેશ્યથી 'અલ્બેન્ડાઝોલ' (Albendazole) ની ગોળી ગળાવવામાં આવી હતી.

વળાંકમાં પાઇપ બાંધેલી સાંકળ તૂટતા પાઇપો ખસ્યા

પાટિયાઝોલ પુલ નજીક પાઈપ ભરેલું ટ્રેલર પલટી ગયું

(પ્રતિનિધી) ગરબાડા, તા.10 ગરબાડા તાલુકાના પાટિયાઝોળ ગામે પુલ નજીકના વળાંકમાં પાઈપો ભરીને મધ્યપ્રદેશ તરફ જઈ રહેલું ટ્રેલર પલટી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટ્રેલરની કેબિનને નુકસાન થયું હતું, જ્યારે ટ્રેલરમાં ભરેલી પાઈપો રોડની સાઈડમાં વિખેરાઈ ગઈ હતી. સદનસીબે ટ્રેલર ચાલકનો આબાદ બચાવ થયો હતો.મળતી માહિતી મુજબ, ગુજરાતમાંથી પાઈપો ભરીને ટ્રેલર મધ્યપ્રદેશ તરફ જઈ રહ્યું હતું. દરમિયાન પાટિયાઝોળ પુલ નજીકના વળાંકમાં પહોંચતા ટ્રેલરમાં પાઈપો બાંધવા માટે લગાવેલી સાંકળ અચાનક તૂટી ગઈ હતી. સાંકળ તૂટતા પાઈપો ખસવા લાગ્યા હતા અને ટ્રેલરનું સંતુલન ખોરવાયું હતું. ચાલકે ટ્રેલરને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટ્રેલર વળાંકમાં પલટી મારી ગયું હતું.અકસ્માામાં ટ્રેલરની કેબિનને નુકસાન થયું હતું અને પાઈપો રસ્તાની બાજુમાં વિખેરાઈ ગઈ હતી. જોકે, ટ્રેલર ચાલક સમયસર કેબિનમાંથી બહાર નીકળી જતા તેનો આબાદ બચાવ થયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી.અકસ્મિક બનાવને પગલે આસપાસના લોકો ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા. પાટિયાઝોળ પુલ નજીકનો વળાંક ભારે વાહનો માટે જોખમી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

ઝાલોદમાં ACBની સફળ ટ્રેપ

આવાસ યોજનાના હપ્તા બદલ ૩.૧૦ હજારની લાંચ લેતા બે ઝડપાયા

મનુભાઈ ચંદુભાઈ વસૈયા વેપારી, મુવાડા

જયેશ જયંતીલાલ પટેલ
ઓફોર્ડેબલ હાઉસિંગ મિશન એન્જિનિયર (AHM), ઝાલોદ નગરપાલિકા

(પ્રતિનિધી) ઝાલોદ, તા.10 પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત મળતા હપ્તાની રકમ ચૂકવવાના બદલામાં રૂ.10,000ની લાંચ લેતા ઝાલોદ નગરપાલિકાના કરાર આધારિત એન્જિનિયર સહિત બે વ્યક્તિને મહીસાગર ACBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. મળતી માહિતી મુજબ, ફરિયાદીને પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના હેઠળ આવાસ મંજૂર થયું હતું. આવાસનો પ્રથમ હપ્તો રૂ.70,000 બેંક ખાતામાં જમા થયા બાદ રૂ.5,000ની લાંચની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા હપ્તા રૂ.80,000 માટે રૂ.10,000 તથા ત્રીજા હપ્તા રૂ.1.50 લાખના હપ્તા માટે પણ રૂ.10,000ની લાંચની માંગણી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે.લાંચની રકમ આપવા ઇચ્છા ન હોવાથી ફરિયાદીએ મહીસાગર ACBનો સંપર્ક કરતાં ફરિયાદના આધારે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. તા.10 ઓગસ્ટ, 2026ના રોજ ઝાલોદની મુવાડા ચોકડી ખાતે પોલીસ ચોકીની બાજુમાં આવેલા પાન-મસાલાના ગલ્લા ઉપર ટ્રેપ દરમિયાન રૂ.10,000ની લાંચ સ્વીકારતા બંને આરોપીઓ ઝડપાઈ ગયા હતા. ACBએ લાંચની સંપૂર્ણ રૂ.10,000ની રકમ રિકવર કરી હતી.ઝડપાયેલા આરોપીઓમાં જયેશકુમાર જયંતીલાલ પટેલ (ઉ.વ. 35), ઓફોર્ડેબલ હાઉસિંગ મિશન એન્જિનિયર (AHM), ઝાલોદ નગરપાલિકા, 11 માસ કરાર આધારિત તથા મનુભાઈ ચંદુભાઈ વસૈયા (ઉ.વ. 49), વેપાર, મુવાડા, ઝાલોદનો સમાવેશ થાય છે.

જમીનો પર ગેરકાયદે દબાણો થયાના આક્ષેપ

સુરેલી ગામમાં સરકારી ગ્રાન્ટના કામોમાં ભ્રષ્ટાચાર અંગે કલેક્ટરને રજૂઆત

(પ્રતિનિધી) કાલોલ, તા.10 કાલોલ તાલુકાના સુરેલી ગામના રહીશ અને અરજદાર પ્રવિણકુમાર દિલીપસિંહ પટેલ દ્વારા ગામમાં ચાલી રહેલી ગેરરીતિઓ, સરકારી જમીનો પરના દબાણો અને ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલા વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અંગે કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.
1. સરકારી જમીનો અને ગૌચરણ પર ગેરકાયદેસર દબાણ દૂર કરવા માંગ અરજદાર દ્વારા જિલ્લા કલેક્ટરને કરવામાં આવેલી અરજી મુજબ, સુરેલી ગામના સરકારી ખરાબા, ગૌચરણની જમીન, જાહેર રસ્તા, તળાવ કિનારે, સ્મશાન તથા શેરીઓમાં આવેલા જૂના પગદંડી રસ્તાઓ પર મોટા પાયે ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા છે.
સરપંચ દ્વારા આ દબાણો દૂર કરવાની કાયદેસરની સત્તા હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને વારંવારની રજૂઆતો છતાં જવાબદારીમાંથી છટકી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે.
આ દબાણોના કારણે ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસવાની શક્યતા હોઈ, મહેસૂલ વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ, માપણી કરી દબાણો દૂર કરવા અને દબાણકારો સામે કાયદેસરના પગલાં ભરવા માંગ કરાઈ છે.
2. વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અને હલકી ગુણવત્તાના આક્ષેપ તલાટી કમ મંત્રી તથા સંબંધિત વિભાગોને કરેલી અન્ય એક રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ૧૫ વર્ષથી સુરેલી ગ્રામ પંચાયતમાં વિવિધ ગ્રાન્ટોમાંથી થયેલા વિકાસના કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે.
ગામમાં થયેલા કામો અધૂરા અને હલકી ગુણવત્તાવાળા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સિંગવડમાં યુરિયા ખાતર માટે ખેડૂતોની ભીડ જામી

વાવણી સમયે જ ખાતર નહીં મળતા ખેડૂતોને પાક નુકસાનની ભીતિ

(પ્રતિનિધી) સિંગવડ, તા.10 ચોમાસુ પાકમાં ખાતર નાખવાનો સમય હોવા છતાં સિંગવડ તાલુકામાં યુરિયા ખાતરનો અભાવ સર્જાયો છે. જેના કારણે ખેડૂતોમાં ભારે મૂંઝવણ જોવા મળી રહી છે સિંગવડ તાલુકાની સહકારી મંડળીઓ અને ખાતરની દુકાનો બહાર યુરિયા ખાતર લેવા માટે ખેડૂતોની ભીડ જોવા મળી હતી. સવારથી જ ખેડૂતો ટોકન અને સ્ટોકની રાહ જોઈને બેઠા હતા. જ્યારે ખેડૂતોને એક આધાર કાર્ડમાં બે જ યુરિયા ખાતરની થેલી એગ્રો પરથી આપવામાં આવી રહી છે સ્ટોક ઓછો આવી રહ્યો છે અને યુરિયા ખાતરની માંગ વધારે પડતી હોવાથી વેપારીઓ દ્વારા આ રીતનું આયોજન કરીને બધા જ ખેડૂતને મળી રહે તેવું ગોઠવવામાં આવે આવ્યું છે પરંતુ યુરિયા ખાતર નહીં મળતા ઘણા ખેડૂતો ખાલી હાથે પરત ફર્યા હતા હાલ ડાંગર, મકાઈ અને કપાસના પાકમાં યુરિયા નાખવાની જરૂર છે. સમયસર ખાતર નહીં મળતા પાકની ઉપજમાં ઘટાડો થશે તેવો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. એક ખેડૂતે જણાવ્યું કે "ખેતરમાં પાકને ખાતરની જરૂર છે પણ મંડળીમાં સ્ટોક જ નથી. 2-3 દિવસથી રોજ ચક્કર મારીએ છીએ." ખેડૂતોએ જિલ્લા વહીવટી તંત્ર અને કૃષિ વિભાગને તાત્કાલિક યુરિયાનો જથ્થો ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે. સાથે જ પૂરતા પ્રમાણમાં વિતરણ કરવાની માંગ પણ ઉઠી છે.

સંજેલીના કાવડાના મુવાડામાં ઉછીના નાણાં બાબતે ધિંગાણુંનો બનાવ

યુવક અને તેના બનેવી પર પ્રાણઘાતક હુમલાના બનાવમાં 3 આરોપીઓને 3 વર્ષની કેદ

(પ્રતિનિધી) સંજેલી, તા.20 દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કાવડાના મુવાડા ગામે ૨૫,૦૦૦ રૂપિયા માગવાના પ્રશ્ને ત્રણ શખ્સોએ એકસંપ થઈ યુવક અને તેના બનેવી પર લાકડીઓ વડે હિંસક હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે સંજેલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળ અદાલતે ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવી ૩ વર્ષની કેદ અને પ્રત્યેકને ૧,૦૦૦ રૂપિયાના દંડની સજા ફટકારી છે. ફરિયાદી અશ્વિનભાઈ સુરસિંગભાઈ મુનિયા (રહે. કાવડાના મુવાડા, તા. સંજેલી) ના જણાવ્યા અનુસાર, ગત તારીખ ૨૮/૦૯/૨૦૨૩ ના રોજ રાત્રિના સુમારે તેઓ તથા તેમના ભાઈ પ્રતાપભાઈ અને બનેવી દિનેશભાઈ દલસુખભાઈ મછાર ઘરમાં વાતો કરતા હતા. તે દરમિયાન ગામના જ દિનેશભાઈ રામસિંગભાઈ ભૂરીયા, ગોવર્ધનભાઈ રામસિંગભાઈ ભૂરીયા, રમેશભાઈ પારસિંગભાઈ ભૂરીયા નામના ત્રણ શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને પ્રતાપભાઈ ને ૨૫,૦૦૦ રૂપિયા ઉછીના આપ" તેમ કહી ગાળો બોલવા લાગ્યા હતા. પ્રતાપભાઈએ "હાલ મારી પાસે પૈસા નથી" તેમ કહેતા ત્રણેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. અપંગતા ધરાવતા ફરિયાદી અશ્વિનભાઈ વચ્ચે પડતા તેમને પકડી રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપી દિનેશ ભૂરીયાએ પ્રતાપભાઈને લાકડીઓ વડે માર મારવાનું શરૂ કર્યું હતું. વચ્ચે બચાવવા પડેલા બનેવી દિનેશભાઈ દલસુખભાઈ મછાર પર પણ ગોવર્ધન ભૂરીયાએ લાકડીથી હુમલો કરી હાથ પર ગંભીર ફ્રેક્ચર કરી દીધું હતું. ત્રણેય શખ્સોએ બંનેને ડાંગરના ખેતરમાં પાડી દઈ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આજુબાજુના લોકો દોડી આવતા ઈજાગ્રસ્તોને વધુ મારથી બચાવવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સંજેલી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના ઓપરેશન કરવામાં આવ્યા હતા.

હાલોલ કોર્ટનો મહત્વનો ચુકાદો

રૂ. ૧.૭૦ લાખનો ચેક બાઉન્સ કેસમાં લેણું સાબિત ન કરી શકતા આરોપી નિર્દોષ જાહેર

(પ્રતિનિધી) કાલોલ, તા.10 હાલોલની એડી. ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ચાલી રહેલા ચેક રિટર્નના એક ચર્ચાસસ્પદ કેસમાં આરોપી સઈદભાઈ મુસ્તાકભાઈ બાગવાલાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. નોંધાયેલી ફરિયાદ મુજબ, પોલ્ટ્રી ફાર્મના ધંધા માટે નાણાકીય જરૂરિયાત ઊભી થતાં સઈદભાઈએ ફરિયાદી પાસેથી શકીલભાઈ ઉમરભાઈ બાદશાહ ની હાજરીમાં રૂ. ૧,૭૦,૦૦૦/- અઠવાડિયા માટે હાથ ઉછીના લીધા હતા.આ રકમ ચૂકવવા માટે સઈદભાઈએ HDFC બેંક, હાલોલ શાખાનો રૂ. ૧.૭૦ લાખનો ચેક આપ્યો હતો. જોકે, ફરિયાદીએ કોટક મહિન્દ્રા બેંકમાં ચેક જમા કરાવતા, "એકાઉન્ટ બ્લોક્ડ" ના શેરા સાથે ચેક સ્વીકારાયા વિના પરત ફર્યો હતો. કાનૂની નોટિસ મોકલવા છતાં નાણાં ન ચૂકવાતા ફરિયાદીએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જેમાં આરોપી તરફે એડવોકેટ જે બી જોશી અને વી એસ ગોહિલ હાજર રહ્યા હતા. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો.ફરિયાદીએ દાવો કર્યો હતો કે તેમણે પોતાના બે છકડા વેચીને રોકડ રકમ ઘરે રાખી હતી. પરંતુ, છકડા વેચ્યા અંગેનો કે RTO ના માલિકી ફેરફાર અંગેનો કોઈ જ આધાર-પુરાવો રજૂ કરી શક્યા નહોતા. પૈસાની લેવડદેવડ શકીલભાઈ ઉમરભાઈ બાદશાહ નામના વ્યક્તિની હાજરીમાં થઈ હોવાનું જણાવાયું હતું, જ્યારે આરોપી શિક્ષિત હોવા છતાં ચેકની બોડી અન્ય કોઈ પાસે લખાવવાનું કોઈ વાજબી કારણ જણાતું નહોતુ. આરોપીએ ફરિયાદીને ગુગલ-પે મારફતે અગાઉ આશરે દોઢ લાખ રૂપિયા ચૂકવેલા હોવાનું સામે આવ્યું હતું, અદાલતે તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ નોંધ્યું કે, ફરિયાદી પોતાની આર્થિક ક્ષમતા અને કાયદેસરનું લેણું સાબિત કરી શક્યા નથી.

સમસ્યાનો ઉકેલ ન આવતાં પ્રતિક ઉપવાસ શરૂ

કાલોલ પાલિકાના નિવૃત્ત પેન્શનરોના ૧૨ માસથી પેન્શન અને ૨૨ માસના મોંઘવારી ભથ્થાં બાકી

કાલોલ નગર પાલિકાના નિવૃત્ત કર્મચારીઓની સ્થિતિ



(પ્રતિનિધી) કાલોલ, તા.20 કાલોલ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. છેલ્લા ૧૨ મહિનાથી પેન્શન અને ૨૨ મહિનાથી મળવાપાત્ર મોંઘવારી ભથ્થું (DA) ન મળતાં રોષે ભરાયેલા ૪૬ જેટલા નિવૃત્ત પેન્શનરોએ આજે પાલિકા પ્રાંગણમાં સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી પ્રતિક ઉપવાસ પર બેસીને પોતાના હક્ક માટે વિરોધ નોંધાવ્યો છે. જૂન ૨૦૨૫થી ચાલુ જુલાઈ ૨૦૨૬ સુધીના ૧૨ માસનું પેન્શન અને ૨૨ મહિનાના મોંઘવારી ભથ્થાનો તફાવત ચૂકવવાનો બાકી છે. પાલિકાના ઈતિહાસમાં અગાઉ ક્યારેય આટલા લાંબા સમય સુધી પેન્શન બાકી રહ્યું નથી.

પાલિકાની ચૂંટણી બાદ નિવૃત્ત કર્મચારીઓએ વહીવટદારો તેમજ સ્થાનિક ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સમક્ષ અનેકવાર રજૂઆતો કરી હતી. ધારાસભ્યએ ઉકેલ લાવવાનું આશ્વાસન આપ્યું હતું, પરંતુ કોઈ પેન્શન કે ભથ્થા મળ્યા નથી.

તાલુકા 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કરાયેલી અરજીના જવાબમાં પાલિકાના ચીફ ઓફિસરે 'શ્રીનિધિ યોજના'માંથી લોન મેળવવાની દરખાસ્ત કરી હોવાનું જણાવ્યું હતું. જોકે, ૩ મહિના વીત્યા પછી પણ લોન અંગે કોઈ પરિણામ આવ્યું નથી. મોંઘવારીના આ સમયમાં પેન્શન ન મળવાને કારણે વૃદ્ધ, નિસહાય અને વિધવા મહિલા પેન્શનરો સહિત તમામ ૪૬ પરિવારો આર્થિક સંકટમાં મુકાયા છે જેથી હવે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

નારણપુરા નર્મદા કેનાલ પાસે રૂ. ૧૫,૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.10 લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (ACB) ગુજરાત દ્વારા ભ્રષ્ટાચાર સામેની ઝુંબેશને વધુ એક મોટી સફળતા મળી છે. પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનના બે પોલીસ કર્મચારીઓ અને એક સામાન્ય નાગરિક (વચેટિયા) વિરુદ્ધ રૂ. ૧૫,૦૦૦/- ની લાંચ સ્વીકારવા બદલ ગુનો નોંધી ટ્રેપ કરવામાં આવી છે. આ કામના ફરિયાદીના મિત્રને તારીખ ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ ઓનલાઈન જુગારના કેસમાં પકડવામાં આવ્યા હતા. આ કેસની પતાવટ કરી આપવાના બહાને આરોપી પોલીસ કર્મચારીઓ દ્વારા રૂ. ૨૦,૦૦૦/- ની લાંચની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ રકઝકના અંતે રૂ. ૧૫,૦૦૦/- લેવાનું નક્કી થયું હતું. આ લાંચની રકમ માટે વચેટિયા દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવતી હતી. ફરિયાદી આ લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ACB ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરી દાહોદ ACB પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે નારણપુરા નર્મદા કેનાલ ચોકડી (તા. કાલોલ, જી. પંચમહાલ) ખાતે લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફતેપુરા તાલુકાના વટલી ગામે 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉજવણી

(પ્રતિનિધી) સુખસર, તા.10 મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવતની સૂચના અને તાલુકા આરોગ્ય અધિકારી સુરેશ વી. અમલિયારના માર્ગદર્શન હેઠળ ફતેપુરા તાલુકાના વટલી ગામે 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન વટલી મુખ્ય પ્રાથમિક શાળા તેમજ સંગાડા ફળીયા વટલી પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય વિભાગ અને શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયું હતું.વિદ્યાર્થીઓને કૃમિ સંક્રમણથી થતા નુકસાન અને તેનાથી બચવાના ઉપાયો વિશે માર્ગદર્શન પૂરું પડાયું હતુ.

કાલોલ સી બી ગર્લ્સ હાઈસ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કાલોલ : શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ ખાતે પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી " એક પેડ મા કે નામ " કાર્યક્રમ અંતર્ગત છોડ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જાહેર નોટીસ
નં.જ.મ.પ્ર/એસ.આર.નં./૬૩૯ થી ૬૪૦/૨૦૨૬
શ્રી એસ.સી. સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં
અરજદાર : નટ જગદીશભાઈ હરજીભાઈ રહે.મેયાણ, તા. સીંગવડ, જિ. દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મેયાણ, મું. મેયાણ તા. સીંગવડ, જી. દાહોદ
જન્મ મરણ અધિનિયમ-૧૯૬૬ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ
આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નટ જગદિશભાઈ હરજીભાઈ રહે. મેયાણ, તા. સીંગવડ જિ. દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે. તેઓએ પોતાના પુત્રી નામે નટ મિત્તલબેન જગદિશભાઈનો જન્મ તા. ૦૩-૦૯-૨૦૧૬ના રોજ મું. મેયાણ તા. સીંગવડ, જિ. દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો, જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ તા. ૫-૦૮-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપો.
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ
નં.જ.મ.પ્ર/એસ.આર.નં./૬૨૯ થી ૬૩૦/૨૦૨૬
શ્રી એસ.સી. સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં
અરજદાર : નટ જગદીશભાઈ હરજીભાઈ રહે.મેયાણ, તા. સીંગવડ, જિ. દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મેયાણ, મું. મેયાણ તા. સીંગવડ, જી. દાહોદ
જન્મ મરણ અધિનિયમ-૧૯૬૬ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ
આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નટ જગદિશભાઈ હરજીભાઈ રહે. મેયાણ, તા. સીંગવડ જિ. દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે. તેઓને પોતાના પુત્ર નામે નટ વનરાજભાઈ જગદિશભાઈનો જન્મ તા. ૨૬-૦૮-૨૦૧૮ના રોજ મું. મેયાણ તા. સીંગવડ, જિ. દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો, જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ તા. ૫-૦૮-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપો.
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ